# તમામ વય જૂથ માટે COVID-19 રસીનાં બૂસ્ટર ડોઝની સંદર્ભ માર્ગદર્શિકા



COVID-19 થી ગંભિર બિમારી, હોસ્પિટલમાં ભરતી અને મૃત્યુથી પણ તમારું પોતાનું અને અન્ય લોકોનું રક્ષણ કરવા તમે કે તમારા બાળકો COVID-19 રસીની પ્રાથમિક શ્રેણીઓથી રસીકરણ મેળવ્યું હતું. અભ્યાસો દર્શાવે છે કે COVID-19 રસીઓ અસરકારક રહે છે, તે સાથે સમય જતા તેઓમાં રક્ષણનો ઘટાડો સંકળાયેલો હોય છે.

*હવે, આ રક્ષણ ચાલું રાખવા માટે બૂસ્ટર મેળવવો સૌથી અસરકારક માર્ગ રહ્યો છે.*

તમે કે તમારું બાળક COVID-19 રસીનાં બૂસ્ટર માટે પાત્રતા ધરાવો છો કે નહીં તે જોવા માટે નીચેનો ચાર્ટ ચકાસો.*

| *જો તમે પ્રાપ્ત કરી હતી...* | *તમારે બૂસ્ટર મેળવવો જોઇએ* | *ક્યો બૂસ્ટર મેળવવો* | *ક્યારે બૂસ્ટર મેળવવો જોઇએ* |
|---|---|---|---|
| ***Moderna*** | 6 મહિના અને તેનાંથી વધારે ઉંમરનાં લોકો | **6 મહિના – 4 વર્ષનાં બાળકોએ અપડેટેડ** બાયવેલેન્ટ ડોઝ લેવો જોઈએ જેની બ્રાન્ડ તેમની પ્રાથમિક સિરીઝ સમાન હોવી જોઈએ | તેઓનો છેલ્લો ડોઝ (પ્રાથમિક શ્રેણી અથવા એકવિધ બૂસ્ટર) પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા 2 મહિના બાદ |
| | | **5 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોએ** Pfizer અથવા Moderna નો અપડેટેડ બાયવેલેન્ટ બૂસ્ટર ડોઝ મેળવવો જોઈએ | |
| | | **18 વર્ષ અને વધારે ઉંમરનાં લોકો** જેઓએ અગાઉનો બૂસ્ટર પ્રાપ્ત કર્યો ન હોય તેઓ પણ Novavax બૂસ્ટર પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકે છે જો તેઓ અપડેટ કરાયેલ mRNA બૂસ્ટર પ્રાપ્ત કરી શકતા નથી અથવા પ્રાપ્ત કરશે નહીં. | પ્રાથમિક શ્રેણી બાદ ઓછામાં ઓછા 6 મહિના બાદ |
| ***Pfizer*** | 5 વર્ષ અને તેનાંથી વધારે ઉંમરનાં લોકો | **5 વર્ષનાં બાળકો જેમણે** Pfizer લીધેલ છે તેઓ માત્ર અપડેટેડ Pfizer બાયવેલેન્ટ બૂસ્ટર જ લઈ શકે છે | તેઓનો છેલ્લો ડોઝ (પ્રાથમિક શ્રેણી અથવા એકવિધ બૂસ્ટર) પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા 2 મહિના બાદ |
| | | **6 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોએ** તેમની પ્રાથમિક શ્રેણીને ધ્યાનમાં લીધા વિના અપડેટેડ બાયવેલેન્ટ Moderna અથવા Pfizer બૂસ્ટર મેળવવું જોઈએ | |
| | | **18 વર્ષ અને વધારે ઉંમરનાં લોકો** જેઓએ અગાઉનો બૂસ્ટર પ્રાપ્ત કર્યો ન હોય તેઓ પણ Novavax બૂસ્ટર પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકે છે જો તેઓ અપડેટ કરાયેલ mRNA બૂસ્ટર પ્રાપ્ત કરી શકતા નથી અથવા પ્રાપ્ત કરશે નહીં. | પ્રાથમિક શ્રેણી બાદ ઓછામાં ઓછા 6 મહિના બાદ |
| ***Johnson & Johnson*** | 18 વર્ષ અને તેનાંથી વધારે ઉંમરનાં લોકો | **18 વર્ષ અને વધારે ઉંમરનાં લોકોએ** અપડેટ કરાયેલ બેવડો Pfizer અથવા Moderna બૂસ્ટર પ્રાપ્ત કરવો જોઇએ | તેઓનો છેલ્લો ડોઝ (પ્રાથમિક શ્રેણી અથવા એકવિધ બૂસ્ટર) પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા 2 મહિના બાદ |
| | | **18 વર્ષ અને વધારે ઉંમરનાં લોકો** જેઓએ અગાઉનો બૂસ્ટર પ્રાપ્ત કર્યો ન હોય તેઓ પણ Novavax બૂસ્ટર પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકે છે જો તેઓ અપડેટ કરાયેલ mRNA બૂસ્ટર પ્રાપ્ત કરી શકતા નથી અથવા પ્રાપ્ત કરશે નહીં. | પ્રાથમિક શ્રેણી બાદ ઓછામાં ઓછા 6 મહિના બાદ |
| ***Novavax*** | 12 વર્ષ અને તેનાંથી વધારે ઉંમરનાં લોકો | **12 વર્ષ અને વધારે ઉંમરનાં લોકોએ** અપડેટ કરાયેલ બેવડો Pfizer અથવા Moderna બૂસ્ટર પ્રાપ્ત કરવો જોઇએ | તેઓનો પ્રાથમિક શ્રેણી પૂર્ણ કર્યા બાદ ઓછામાં ઓછા 2 મહિના બાદ |
| | | **18 વર્ષ અને વધારે ઉંમરનાં લોકો** જેઓએ અગાઉનો બૂસ્ટર પ્રાપ્ત કર્યો ન હોય તેઓ પણ Novavax બૂસ્ટર પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકે છે જો તેઓ અપડેટ કરાયેલ mRNA બૂસ્ટર પ્રાપ્ત કરી શકતા નથી અથવા પ્રાપ્ત કરશે નહીં. | પ્રાથમિક શ્રેણી બાદ ઓછામાં ઓછા 6 મહિના બાદ |

*જો તમે સાધારણ કે તીવ્ર રીતે રોગપ્રતિકારતાની ઉણપ ધરાવતા હોવ તો માર્ગદર્શિકાઓમાં ફરક રહેશે.*

Vaccinate WA

**તાજેતરમાં SARS-CoV-2 ચેપ લાગ્યો હતો તેવા લોકો **લક્ષણોની શરૂઆતથી કે પોઝિટિવ તપાસ (જો ચેપ લક્ષણો વગરનો હતો) આવ્યાથી 3 મહિના સુધી તેઓનાં COVID-19 પ્રાથમિક અથવા બૂસ્ટર ડોઝને વિલંબિત કરવાનું વિચારી શકે છે.** અભ્યાસો દર્શાવે છે કે (અંગ્રેજી માં) ચેપ અને રસીકરણ વચ્ચે વધારે સમય રસીકરણ સામે વધારે રોગપ્રતિકારકતાનાં પ્રતિભાવમાં પરિણમી શકે છે. આ ઉપરાંત, ચેપ બાદનાં અઠવાડીયાઓ છી મહિનાઓમાં ફરીથી ચેપ લાગવાનું ઓછું  જોખમ નિહાળવામાં આવ્યું છે. વ્યક્તિગત પરિબળો જેવા કે COVID-19 ગંભિર રોગ (અંગ્રેજી માં) , **COVID-19 સામુદાયિક સ્તર** (અંગ્રેજી માં) , અથવા પ્રભાવક SARSCoV-2 સ્ટ્રેઇનની લાક્ષણિકતાઓને ચેપ બાદ બૂસ્ટર ડોઝ મેળવવામાં વિલંબ કરવો કે નહીં તેનું નિર્ધારણ કરતી વખતે લક્ષ્યમાં લેવા જોઇએ.*

# COVID-19 રસીનાં બૂસ્ટર ડોઝનાં વારંવાર પૂછાતા પ્રશ્નો

## અપડેટ કરાયેલ/બેવડો બૂસ્ટર શું છે?

અપડેટ કરાયેલ/બેવડો COVID-19 બૂસ્ટર એ એક રસીની એવી ફોર્મ્યુલા છે જે બન્ને મૂળ કોરોનાવાયરસ સ્ટ્રેઇન સામે રોગપ્રતિકારકતા ઉદ્દિપ્ત કરે છે અને વર્તમાનમાં મોટાભાગનાં કેસો માટે જવાબદાર એવા નવા Omicron પ્રકાર સામે પણ રક્ષણ આપે છે. અપડેટ કરાયેલ બૂસ્ટરો વાયરસ સામે મહત્તમ રક્ષણ પ્રદાન કરવા અને સમય જતા નબળી પડતી રસીની અસરકારકતાને ઉકેલવાનો ઉદ્દેશ ધરાવે છે.

## બૂસ્ટર ડોઝ શા માટે મહત્વનાં છે?

બૂસ્ટર ડોઝ ગંભિર રોગ સામે સતત રક્ષણ પ્રદાન કરવામાં મદદ કરે છે. 5 વર્ષ અને તેનાંથી વધારે ઉંમરની દરેક વ્યક્તિએ તેઓની રસીઓ સાથે અદ્યતન રહેવા માટે બૂસ્ટર ડોઝ પ્રાપ્ત કરવો જોઇએ. અમુક ચોક્કસ વસ્તીઓ, જેમ કે સાધારણ થી તિવ્ર રોગપ્રતિકારકતાની ઉણપ ધરાવતા લોકોને, રોગપ્રતિકારકતા વધારવા માટે વધારાનાં ડોઝની આવશ્યકતા પડી શકે છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં COVID-19 નાં વધારે સંક્રમણકારી પ્રકારો અને કેસોનાં વધવા સાથે આ ખાસ કરીને મહત્વપૂર્ણ છે.

## જો બૂસ્ટર ડોઝની જરૂર હોય તો, શું તેનો અર્થ એવો થાય છે કે રસી કાર્ય કરી રહી નથી?

ના. યુએસમાં આપણે ધરાવીએ છીએ તેવી વર્તમાન COVID-19 રસીઓ ગંભિર બિમારી, હોસ્પિટલમાં દાખલ થવા અને મૃત્યું અટકાવવામાં પણ સારી રીતે કાર્ય કરી રહી છે. જોકે, જાહેર આરોગ્યનાં તજજ્ઞો ખાસ કરીને ઉચ્ચ-જોખમ ધરાવતી વસ્તીઓમાં હળવી થી સાધારણ COVID-19 બિમારી સામે રક્ષણમાં ઘટાડો જોઇ રહ્યા છે. અપડેટ કરાયેલ/બેવડા બૂસ્ટરો રોગપ્રતિકારકતા ઉદ્દિપ્ત કરવામાં અને કેટલાક નવા પ્રકારો સામે વધારે સારું રક્ષણ પ્રદાન કરવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યા હતા.

## બૂસ્ટર ડોઝની એપોઇન્ટમેન્ટમાં મારે શું સાથે લાવવું જોઇએ?

*કૃપા કરીને તમારા/તમારા બાળકનાં રસીકરણ કાર્ડને* (અંગ્રેજી માં) બૂસ્ટર ડોઝ એપોઇન્ટમેન્ટમાં સાથે લઇ જાઓ જેથી પ્રદાતા પ્રથમ પુષ્ટિ કરી શકે કે પ્રારંભિક રસીકરણ શ્રેણી પૂર્ણ કરવામાં આવી હતી. જો કાર્ડ ખોવાઇ ગયું હતું, તો પ્રદાતા તમારા રેકોર્ડ જોઇ શકે છે.

## વધારાનાં રસીનાં ડોઝ અને બૂસ્ટર ડોઝ વચ્ચે શું ફરક છે?

વધારાનો ડોઝ એવા રોગપ્રતિકારકતાની ઉણપ ધરાવતા દર્દીઓ માટે છે જેઓએ 2-ડોઝ mRNA રસીની શ્રેણી (Pfizer અથવા Moderna) પૂર્ણ કરી હોય પરંતુ પૂરતો પ્રબળ રોગપ્રતિકારક પ્રતિભાવ ધરાવતા ન હતા.

બૂસ્ટર ડોઝ પ્રારંભિક રસીની શ્રેણી સમય જતા નબળી પડ્યા બાદ રક્ષણ અને/અથવા રોગપ્રતિકારકતા વધારવા અથવા પુનઃસ્થાપિત કરવા માટે આપવામાં આવે છે.

## મારા બૂસ્ટર માટે હું કઇ રસીની બ્રાન્ડ મેળવી શકું છું?

6 મહિના – 4 વર્ષનાં બાળકોએ અપડેટેડ બાયવેલેન્ટ ડોઝ મેળવવો જોઈએ જે તેમની પ્રાથમિક સિરીઝ સમાન બ્રાન્ડ હોવી જોઈએ.

5 વર્ષનાં બાળકો કે જેમણે Pfizer પ્રાથમિક સિરીઝ પૂર્ણ કરી હોય તેઓને માત્ર અપડેટેડ બાયવેલેન્ટ Pfizer બૂસ્ટર મળવું જોઈએ.

Moderna પ્રાપ્ત કરનાર 5 વર્ષનાં બાળકો અપડેટેડ Moderna અથવા Pfizer બાયવેલેન્ટ બૂસ્ટર મેળવી શકે છે.

6 વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકો તેઓને તેમની પ્રાથમિક સિરીઝ અથવા અગાઉના બૂસ્ટર ડોઝ માટે કઈ બ્રાન્ડ પ્રાપ્ત થઈ છે તે ધ્યાનમાં લીધા વગર અપડેટેડ Pfizer અથવા Moderna બૂસ્ટર ડોઝ મેળવી શકે છે.

18 વર્ષ અને તેથી વધુ ઉંમરના બાળકો પણ Novavax બૂસ્ટર પ્રાપ્ત કરવાનું પસંદ કરી શકે છે જો તેઓએ પ્રાથમિક સિરીઝ રસીકરણ પૂર્ણ કર્યું હોય પરંતુ અગાઉ COVID-19 બૂસ્ટર પ્રાપ્ત કર્યું ન હોય — અને જો તેઓ અપડેટેડ mRNA બૂસ્ટર પ્રાપ્ત કરી શકતા નથી અથવા પ્રાપ્ત કરશે નહીં.

## કોઇ વ્યક્તિને ક્યારે અદ્યતન હોવાનું ગણવામાં આવે છે?

જો તમે COVID-19 રસીની પ્રાથમિક શ્રેણી પૂર્ણ કરી હોય અને Centers for Disease Control and Prevention (CDC, રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો) દ્વારા તમારા માટે ભલામણ કરેલ સૌથી તાજેતર બૂસ્ટર ડોજ પ્રાપ્ત કર્યો હોય તો તમે તમારી COVID-19 રસીઓ સાથે અદ્યતન છો.

## શું ફ્લૂ માટેની રસી જેવી અન્ય રસીઓ સાથે બૂસ્ટર પ્રાપ્ત કરી શકાય છે?

હા. તમે અથવા તમારું બાળક અન્ય રસીઓનાં સમય પર જ COVID-19 રસી લઇ શકો છો. તમારે તમારા બાળકનાં *આવશ્યક શાળાનાં રસીકરણો* (અંગ્રેજી માં) કે અન્ય ભલામણ કરેલી રસીઓને COVID-19 રસીકરણથી અલગ રીતે શેડ્યુલ કરવાની જરૂર નથી. COVID-19 રસીની એપોઇન્ટમેન્ટ તમને અથવા તમારા બાળકને તમામ ભલામણ કરેલી રસીઓ મેળવવા અગ્રેસર કરવાની એક અન્ય તક છે.

**વધારે પ્રશ્નો?** *મુલાકાત લો: doh.wa.gov/covidbooster (અંગ્રેજી માં)*

Washington State Department of Health

DOH 825-039 December 2022 Gujarati આ દસ્તાવેજને અન્ય ફોર્મેટમાં મેળવવાની વિનંતી કરવા માટે, 1-800-525-0127 પર કૉલ કરો. બહેરા અથવા ઓછું સાંભળી શકતા ગ્રાહકો, કૃપા કરીને 711 (Washington Relay) પર કૉલ કરો અથવા અહીં ઈમેઈલ કરો civil.rights@doh.wa.gov.